પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક
ગેરેન્ટી મેળવવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩૪(ભાગ-૧)-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯-૧૧-૨૦૧૩

વંચાણે લીધો પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦૯૧/આઈબી/(૧૦)/(૧૧)/સ તા.૩૧-૩-૧૯૯૯

**આમુખ:-**

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમા ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામો માં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખ થી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમ ની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામા આવેલ છે. આથી વહિવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમા ફેરફાર કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતું

**પરિપત્ર:-**

પુખ્ત વિચારણાને અંતે નક્કી થયેલ છે કે હવે રૂ.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂ.30 લાખ કે તેથી વધુ રકમ ના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૨૨-૯-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(ટે.ચો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

x નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (x સિવાય)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ

નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ.

સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.

સર્વે અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સીલેકટ ફાઈલ૦૨-૧૩

---

x આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગ હેઠળના સ્થાનીક અધિકારીશ્રીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી.

બાંધકામના કોન્ટ્રાકટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ
સ્વિકારવાની પ્રથામાં અંશતઃ ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૨)-સી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦-૧૧-૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંકઃ- ટીએનસી-૧૦૮૮/આઈબી/૧૮/(૧૩)/સ તા.૩૧-૮-૧૯૯૪

**આમુખ:-**

કોન્ટ્રાકટરોને આપવામાં આવતા કામો માં સીક્યુરીટી ડીપોઝીટ અંગેની હાલની પધ્ધતિ પ્રમાણે એગ્રીમેન્ટ સમયે ૫% પરફોર્મન્સ બોન્ડ બેંક ગેરંટી સ્વરૂપે, ૨.૫% સીક્યુરીટી ડીપોઝીટ નર્મદ બોન્ડ અથવા એન.એસ.એસ. સ્વરૂપે લેવામાં આવે છે તેમજ ૨.૫% રકમ ઈજારદારશ્રીના રનીંગ બીલમાંથી કપાત સ્વરૂપે વસુલ કરવામાં આવે છે. કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા નાણાંકિય તરલતા રહે તે માટે ૨.૫% લેખે કાપવામાં આવતી સીક્યુરીટી ડીપોઝીટની રકમ બેંક ગેરંટી સામે છુટી કરવાની રજુઆત કરવામાં આવેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સરકારી કામોના કોન્ટ્રાકટ માટે સીક્યોરીટી ડીપોઝીટ સ્વિકારવાની હાલની પ્રથામાં નીચે મુજબ નો ફેરફાર કરવામા આવે છે.

૧. હાલમાં પ્રથમ તબક્કે લેવામાં આવતી ૨.૫% સીક્યોરીટીની રકમ જે નર્મદા બોન્ડ/ એન એસ.એસ. સ્વરૂપે લેવાની જોગવાઈ છે, તે હવે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. તેમજ શીડ્યુલ્ડ બેંકની એફ.ડી.આર. સ્વરૂપે પણ લઈ શકાશે.
૨. રનીંગ બીલમાંથી કપાત થતી ૨.૫% સિક્યુરીટી ડીપોઝીટની રકમ ઈજારદારશ્રી દ્વારા શીડ્યુલ્ડ બેંકની બેંક ગેરંટી રજુ કર્યેથી નીચે જણાવ્યા મુજબ રીલીઝ કરવાની રહેશે.

| ક્રમ | નાણાકીય પ્રગતિ | રનીંગ બીલમાથી ૨.૫% લેખે સીક્યુરીટી ડીપોઝીટ પેટે કાપવામાં આવેલ રકમ માંથી છુટી કરવા પાત્ર રકમ | બેંક ગેરંટીની રકમ |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરની રકમના ૨૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૦.૬૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૨ | ટેન્ડરની રકમના ૫૦% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૩ | ટેન્ડરની રકમના ૭૫% | રનીંગ બીલમાથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૮૮%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |

ઉપરોક્ત બેંક ગેરંટીની મુદત કામ પુર્ણ થવાની ખરેખર તારીખથી છ(૬)-માસ વધુ સમયની લેવાની રહેશે તથા ઈજારદારશ્રી પાસેથી બાંહેધરીપત્ર મેળવવાનો રહેશે કે, જો કામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં વધારો થશે તો વધારેલ સમયમર્યાદાની તારીખથી ૬ માસ વધુ સમયમર્યાદા વાળી બેંક ગેરંટી તેઓશ્રી દ્વારા પુરી પાડવામાં આવશે.

કામ પુર્ણ થાય ત્યાં સુધી ઈજારદારશ્રી પાસેથી લેવાની થતી ૧૦% સીક્યોરીટી ડીપોઝીટનું પ્રમાણ કોઈપણ સ્વરૂપે જળવાઈ રહે તેની અચુક કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૪-૧૦-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)

પ્રતિ,

માન.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

x નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

x શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

x બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર (x સિવાય)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ

નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ.

સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

સર્વે અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સીલેક્ટ ફાઈલ૦૨-૧૩

---

x આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગ હેઠળના સ્થાનીક અધિકારીશ્રીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી.

પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક
ગેરેન્ટી મેળવવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩૪(ભાગ-૧)-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯-૧૧-૨૦૧૩

વંચાણે લીધો પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦૯૧/આઈબી/(૧૦)/(૧૧)/સ તા.૩૧-૩-૧૯૯૯

**આમુખ:-**

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમા ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામો માં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખ થી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમ ની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામા આવેલ છે. આથી વહિવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમા ફેરફાર કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતું

**પરિપત્ર:-**

પુખ્ત વિચારણાને અંતે નક્કી થયેલ છે કે હવે રૂ.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂ.30 લાખ કે તેથી વધુ રકમ ના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૨૨-૯-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(ટે.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

x નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (x સિવાય)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ

નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ.

સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.

સર્વે અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સીલેકટ ફાઈલ૦૨-૧૩

---

x આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગ હેઠળના સ્થાનીક અધિકારીશ્રીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી.

Modification in Detect Liability
Clause -17 A of Tenders for
Building Works

**Government of Gujarat**
**Roads & Buildings Department**
**Circular No. PRCH-102013-2076/2759/N**
**Sachivalaya, Gandhinagar**
**Date: - 27-05-2013**

**Ref. Circular No: - PRCH-102013-(2076) – N Dt. 3-12-2009**

R&B Department had issued a Circular as referred above where in following provision has been made for building Works

**The Defects Liability Period shall be as under for original building Works:-**

Three years of elapse of three monsoon periods following date of possession of building taken over by user agency OR Four years of elapse of four monsoon periods following the certified date of completion, whichever is earlier.
After due considerations on the representations received at various levels from the Gujarat Contractor Associations the above clause is now modified as under

**The Defects Liability Period shall be as under for original building Works:-**

"One year or elapse of one monsoon period from the certified date of completion whichever is greater"

The other Conditions in the above said circular will remain as it is.

**(R. K. Chahan)**
**Officer on Special Duty (S.P)**
**Road & Buildings Department**

રસ્તા અને પુલોનાં કામોમાં ઈજારદારના ઈજનેરની હાજરી, માલ સામાનનો સ્ત્રોત, રોયલટીની ચકાસણી, વેટમીક્ષ મેકાડમની કામગીરીમાં વિશેષ કાળજી, ડામર કામમાં સ્ટાર રેટનું ચુકવણું બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ–પરચ/૧૦/૨૦૧૫/૫૫/સ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૧૧/૨૦૧૫

SUPERINTENDING ENGINEER
Branch ...
Inward No. ...
Date ...
OS ...
PS ...
SE ...
R.&B. CIRCLE No. 1 RAJKOT

**<u>પ્રસ્તાવના</u>**

માર્ગ અને મકાન વિભાગમાં રસ્તા અને પુલોનાં કામો ટેન્ડરથી કરવામાં આવે છે. તેમાં ડામર કામવાળા કામોમાં સ્ટાર રેટનું ચુકવણું તથા વેટમીક્ષ મેકાડમની આઈટમ હોય, તેવા કામોમાં વિશેષ કાળજી લેવાની બાબત તથા બી–૨ કરારના કલોઝ –૧૮ મુજબ સાઈટ ઉપર ઈજારદારનાં ઈજનેરની હાજરી બાબત તેમજ રસ્તા/પુલોના કામો માટે ક્વોરી આધારીત માલ સામાનનો સ્ત્રોત મંજુર કરી તેની રોયલ્ટીની ચકાસણી બાબત વિચારણા હેઠળ હતી.

**<u>પરિપત્ર</u>**

પ્રસ્તાવનામાં જણાવેલ બાબતોએ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વધારાની શરતો ટેન્ડરમાં સમાવેશ કરવાનો રહેશે.

૧. ડામરકામ વાળાં કામો માટે હવેથી સ્ટાર રેટનો તફાવત ચુકવતા પહેલાં ડામર જે રિફાઈનરીમાંથી ખરીદવામાં આવેલ હોય, ત્યાં ઈજારદાર ધ્વારા રજુ કરવામાં આવેલાં ડામરના ગેટપાસની જે તે રિફાઈનરી ધ્વારા જ ગેટપાસ ઈસ્યુ કરવામાં આવેલ છે, તે ખરાઈ રીફાઈનરી પાસેથી કર્યા બાદ જ સ્ટાર રેટનો તફાવત ચુકવવામાં આવશે. જે કામોમાં આયાતી (ઈમ્પોર્ટેડ) ડામર વાપરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જે બંદર પર ડામર આયાત કરવામાં આવેલ હોય તે ઓથોરાઈઝડ ઈમ્પોર્ટરના તમામ સાધનિક કાગળો ચકાસી, ઓથોરાઈઝડ ડીલર ધ્વારા ઈમ્પોર્ટર પાસેથી ખરીદ કર્યાની વિગતોની ચકાસણી કર્યાબાદ જ સ્ટાર રેટનો તફાવત ચુકવવામાં આવશે.

૨. જે કામોમાં વેટમીક્ષ મેકાડમની આઈટમ સ્પેસીફીકેશન પ્રમાણે પ્લાન્ટમાં મીક્ષીંગ કરી કરવાની હોય છે, તેમાં હવેથી પ્લાન્ટમાંથી જે મટીરીયલ સાઈટ ઉપર મોકલવામાં આવે તેને ડામરનાં હોટ મીક્ષ

પ્લાન્ટ માટેનાં કામોમાં જે રીતે ગેટ પાસમાં નોંધ થાય છે તે મુજબ ગાડીનું ખાલી અને ભરેલ વ‌ વાહન નિકળવાનો સમય વગેરે લખીને મોકલવાનું રહેશે. કામનું ચુકવણું કામના સ્પેશીફીકેશ ધ્યાને રાખી ગેટ પાસ આધારીત ન કરતાં વોલ્યુમેટ્રીક પધ્ધતિથી કોમ્પેકટેડ ડેન્સીટીને ધ્યાને ર નિયત ધારાધોરણ મુજબનાં ડેન્સીટી ટેસ્ટ લઈ થીકનેસ ચકાસી તે મુજબ કરવામાં આવશે. ઈજારદાર ધ્વારા વેટમીક્ષ મેકાડમનું મીક્ષીગ સાઈટ ઉપર કરવામાં આવશેતો તેનું ચુકવણું કરવામાં આવશે નહી અને કરારના ભંગ બદલ તેઓ સામે પગલા લેવાનાં રહેશે.

૩. રસ્તા / પુલોનાં કામોમાં મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિગેરેનાં વપરાશ માટે સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા આ મટીરીયલ માટેનાં સ્ત્રોત મંજુર કરવાની જોગવાઈ છે. દરેક કામમાં વપરાતા મેટલ, કપચી, ગ્રીટ, માટી, રેતી વગેરેનો સ્ત્રોત કામની શરૂઆતમાં મંજુર કર્યા અંગેનો હુકમ કા.ઈ.શ્રી દ્વારા કરવાનો રહેશે તથા કામના ચુકવણા કરતા પહેલા કામમાં વાપરવામાં આવેલ મટીરીયલ મંજુર કરેલ સ્ત્રોતમાંથી જ લેવામાં આવેલ છે તેની ખરાઈ જે તે મટીરીયલના રોયલ્ટી પાસ આધારીત બીલનું ચુકવણું કરવામાં આવશે.

૪. બી–ર કરારનાં કલોઝ–૧૮ માં રૂા.૧ કરોડથી વધુ રકમનાં કામો માટે સાઈટ ઉપર ઈજારદારનાં ઈજનેરની હાજરી ફરજિયાત છે, તેમજ આ કલોઝમાં ઈજારદારનાં ઈજનેર નોટીસ આપવા છતાં પણ સાઈટ ઉપર હાજર રહેતા ન હોય, તો ઈજારદારનુ રજીસ્ટ્રેશન રદ કરવાની પણ કલોઝમાં જોગવાઈ છે. કરારનાં આ કલોઝનું ચુસ્તપણે પાલન થાય તથા દરેક કામ માટે ઈજારદારે રાખેલ ઈજનેરનું નામ અને અન્ય વિગતો તથા અન્ય કામ ઉપર તેઓની નિમણુંક નથી તેવું નોટરાઈઝડ સર્ટીફીકેટ સાથે વર્ક મોનીટરીગ સીસ્ટમમાં અદ્યતન રાખવાની રહેશે.

૫. રસ્તાના કામોમાં આયાતી ડામરનો ઉપયોગ કરવાની પરવાનગી પ્રથમ વિભાગના તા.૦૨/૦૯/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ અને ત્યારબાદ આ પરિપત્ર સંદર્ભે તા.૦૮/૧૨/૨૦૦૮નો સુધારેલ પરિપત્ર ક્રમાંકઃ એસટીઆર/ ૧૦૨૦૦૬/ ૧૫૭૭/૮/હ થી આપવામાં આવેલ છે. વિભાગ દ્વારા હવે પેનીટ્રિશન ગ્રેડના સ્થાને વિસ્કોસીટી ગ્રેડ ડામર વાપરવાની જોગવાઇ ટેન્ડરમાં કરવામાં આવે છે, જેથી વપરાશમાં લેવામાં આવતા ડામર અંગે વિભાગના તા.૦૮/૧૨/૨૦૦૮ના પરિપત્રમાં જણાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન થાય અને જે આયાતી ડામરનો વપરાશ કરવામાં આવે તે specification મુજબનો વિસ્કોસીટી ગ્રેડના ધારાધોરણને અનુરૂપ છે કે નહીં તેની ચકાસણી કરીને જ તેનો ડામરના કામમાં વપરાશ કરવાનો રહેશે.

વધુમાં એવા બનાવો કે જે કામોમાં આયાતી ડામર વાપરવા માટે લાવવામાં આવેલ હોય અને તે પરીક્ષણોમાં વિસ્કોસીટી ગ્રેડ નહીં પરંતુ પેનીટ્રેશન ગ્રેડ મુજબનો જણાય તેવા કિસ્સામાં તે રીજેક્ટ કરી આવા ડામરના સપ્લાયરની સામે પગલા લેવાની ભલામણ સહ તે બાબતની જાણ અત્રે કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

(૧) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, (મા.અને મ.) વર્તુળો/આલેખન/પાટનગર યોજના, ~~માર્ગ યોજના~~ /એક્સપ્રેસ વે વર્તુળ સહિત.

(૨) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વર્તુળો.

(૩) નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.

(૪) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ.

(૫) સર્વે તાંત્રિક અધિકારીઓ (બધા ના.કા.ઈ.શ્રીઓ સહિત) મા.મ.વિભાગ.

(૬) સર્વે પ્રોજેક્ટ શાખા, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સીલેક્ટ ફાઈલ–૨૦૧૫.

R.&B Dn. Inward No. :- [illegible] Date ૭/૧૨/૧૫ Tender E.E. :-

નં. ટીઆ/પ૨પ/ ૫૬૫૩ 30-11-15

નકલ રવાના :- કાર્યપાલક ઈજનેરશ્રી શહેર/જીલ્લા મા.મ. વિભાગ રાજકોટ મા.મ. વિભાગ જામનગર, સુરેન્દ્રનગર તરફ અમલ લેવા જરૂરી કાર્યવાહી સારૂ

નાયબ કાર્યપાલક ઇજનેર અને અંગતસચિવ મા.મ. વર્તુળ–૧ રાજકોટ.

નકલ :- વર્તુળ કચેરીની ટાઈપ શાખા તરફ જાણ સારૂ

(પાઠક)

ક્રમાંકઃ-પરચ/૧૦/૨૦૧૫/૫૫/સા.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૮/૮/૨૦૧૫

R.& B Dn.-G'nagar
Inward No. :- ૧૮૪૦
Date :- ૪/૯/૧૫
Branch :- Tender
Ass. :- [illegible]
D.A.O. :-
E.E. :-

Branch R.B.
Inward No. 8365
Date ૧/૯/૧૬
SUPERINTENDING ENGINEER R & B CIRCLE No. 1 RAJKOT

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,
મા.મ. રાજ્ય વર્તુળ, તમામ

અધિક્ષક ઈજનેરશ્રી,
પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર

વિષયઃ- રસ્તા / પુલોનાં કામો માટે ક્વોરી આધારીત માલસામાનનો સ્ત્રોત મંજુર કરવા તથા તેની રોયલ્ટીની ચકાસણી બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, રસ્તા / પુલોનાં કામોમાં મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિગેરેનાં વપરાશ માટે સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા આ મટીરીયલ માટેનાં સ્ત્રોત મંજુર કરવાની જોગવાઈ છે. દરેક કામમાં વપરાતા મેટલ, કપચી, ગ્રીટ, માટી, રેતી વગેરેનો સ્ત્રોત કામની શરૂઆતમાં મંજુર કર્યા અંગેનો હુકમ કા.ઈ.શ્રી દ્વારા કરવાનો રહેશે તથા કામના ચુકવણા કરતા પહેલા કામમાં વાપરવામાં આવેલ મટીરીયલ મંજુર કરેલ સ્ત્રોતમાંથી જ લેવામાં આવેલ છે તેની ખરાઈ જે તે મટીરીયલના રોયલ્ટી પાસ આધારીત બીલનું ચુકવણું કરવાનું રહેશે. આ સુચનાનો અમલ કરવાનો તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

---

નં રોડઝઃ ૪૪૮૭

અધિક્ષક ઈજનેરની કચેરી,
માર્ગ અને મકાન વર્તુળ નં.૧
રાજકોટ. તા. ૧૫-૯-૧૫

નકલ રવાનાઃ-
કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા(માર્ગ અને મકાન) વિભાગ, રાજકોટ/મા. મ. વિભાગ, જામનગર/ સુરેન્દ્રનગર તરફ જાણ સારું તેમજ જરુરી કાર્યવાહી સારું.

નાયબ કાર્યપાલક ઈજનેર અને
અધિક્ષક ઈજનેરશ્રીના અંગત સચિવ
માર્ગ અને મકાન વર્તુળ નં.૧
રાજકોટ.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૫-૧૦-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૦/૨૦૧૫

વિષયઃ- સિમેન્ટની ખાલી થેલીઓ કોન્ટ્રાકટ દ્વારા પરત કરવા બાબત

સંદર્ભઃ-
(૧) મા.મ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૨૭૮૦-આઇબી-૩૭૬-(૭૦)-સી તા.૨૧/૧૦/૧૯૮૦
(૨) મા.મ. વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી-૨૭૮૦-આઇબી-૩૭૬-(૭૦)-સી તા.૧૦/૧૧/૧૯૮૩
(૩) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૨૭૮૦-આઇબી-૩૭૬-પાર્ટ-૧-(૭૦)-સી તા.૨૬/૦૫/૧૯૮૮

## પરિપત્ર

મા.મ. વિભાગ દ્વારા અગાઉ સંદર્ભિત ઠરાવો/પરિપત્રો દ્વારા કોન્ટ્રાકટરે સિમેન્ટની ખાલી થેલીઓ વિભાગની કચેરીને પરત કરવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ. પરંતુ હવે વિભાગ દ્વારા કોન્ટ્રાકટરને સિમેન્ટ પૂરો પાડવાની જોગવાઇ ટેન્ડરમાં કરવામાં આવતી ન હોઇ ઉપરોકત ઠરાવો/પરિપત્રની સુચનાઓની અમલવારી હવે કરવાની રહેતી નથી અને આ ઠરાવો/પરિપત્રની સુચનાઓને આથી રદ ગણવાની રહેશે.

(આર.કે.ચૌહાણ )
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ/પંચાયત મા.મ. વર્તુળ/ને.હા. વર્તુળ/એકસપ્રેસ વે વર્તુળ/ પા.યો. વર્તુળ સહિત
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળો હેઠળના સર્વે વિભાગો
સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, ના.કા.ઇ.શ્રીઓ સહિત, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સિલેકટ ફાઇલ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦-૨૦૧૫-૧૧-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૦/૨૦૧૫

વિષય:- મૂળ ઇજારદારશ્રી કામ કરવા માટે અસફળ રહે તો તેમની સામે તાત્કાલિક પગલા લેવા કાર્યવાહી કરવા બાબત

સંદર્ભ:- (૧) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૬૭૯-આઇબી-૫૬૭-(૪૨)-સી તા.૨૭/૦૬/૧૯૮૦
(૨) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૬૭૯-આઇબી-૫૬૭-(૪૨)-સી તા.૧૬/૧૨/૧૯૮૦
(૩) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૫૮૫-આઇબી-૨૦૧-(૯)-સી તા.૧૯/૦૮/૧૯૮૫ (અંગ્રેજીમાં)
(૪) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૫૮૫-આઇબી-૨૦૧-(૯)-સી તા.૧૯/૦૮/૧૯૮૫ (ગુજરાતીમાં)
(૫) મા.મ. વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ પીડીડબલ્યુ-૧૦૮૨-૪૬૩-૨-સ તા.૧૨/૦૩/૧૯૯૦

## પરિપત્ર

મા.મ. વિભાગ દ્વારા અગાઉ ટેન્ડરની શરતો પ્રમાણે નકકી કરેલ સમયમાં કામ પૂર્ણ કરવા માટે જ્યારે મૂળ ઇજારદાર નિષ્ફળ જાય અથવા તો કામ અધૂરૂ છોડીને ચાલ્યા જાય ત્યારે તે અધૂરૂ કામ બીજા ઇજારદારશ્રી દ્વારા મૂળ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂરૂ કરાવવા અને મૂળ ઇજારદાર પાસેથી વધારાના ખર્ચ માટેની રકમની વસુલાત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવતી હતી. પરંતુ આ પ્રકારની વસુલાત મૂળ ઇજારદાર પાસેથી કરવા ઘણી વાર કોર્ટમાં પણ જવું પડતું હતું અને આવી રકમ વસુલાત કરવામાં ઘણો વિલંબ થતો હતો. પરંતુ હવે ટેન્ડરમાં મૂળ ઇજારદારશ્રીએ અધૂરા છોડેલ કામો બીજા ઇજારદારશ્રી દ્વારા મૂળ ઇજારદારના ખર્ચે અને જોખમે પૂરૂ કરાવવા અને મૂળ ઇજારદાર પાસેથી વધારાના ખર્ચ માટેની રકમની વસુલાત કરવા અંગેની જોગવાઇ રદ કરવામાં આવેલ છે. આથી હવે ઉપરોકત પરિપત્રોમાંની સુચનાઓની અમલવારી હવે કરવાની રહેતી નથી અને આ પરિપત્રોની સુચનાઓને રદ ગણવાની રહેશે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ/પંચાયત મા.મ. વર્તુળ/ને.હા. વર્તુળ/એકસપ્રેસ વે વર્તુળ/ પા.યો. વર્તુળ સહિત
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળો હેઠળના સર્વે વિભાગો
સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, ના.કા.ઇ.શ્રીઓ સહિત, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી
વગર જથ્થા વધારાનું કામ ન
કરવા બાબત

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-બીઈડી-૬૫૨૦૧૪-૬૮૬-ન
નવાં સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- ૧૨.૦૧.૨૦૧૬.

સરકારશ્રીના ધ્યાનમાં આવ્યું છે કે તાબાની કચેરીઓ દ્વારા સક્ષમ અધિકારીઓની પૂર્વ મંજૂરી વગર જથ્થા વધારાની કામગીરી કરાવી જવાબદારી ઊભી કરવાની પ્રણાલી અનુસરવામાં આવી રહી છે. તેમજ અંદાજ બનાવવામાં પણ ચોકસાઈનો અભાવ જણાય છે. આ સંબંધમાં નીચે મુજબની સુચનાનું પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

૧. સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી વગર જથ્થા વધારા અને વધારાની આઈટમની કામગીરી હાથ ધરી જવાબદારી ઊભી કરવી નહીં.

૨. અંદાજો બનાવવામાં ચોકસાઈ રાખવી.

(વી.એમ. ગોહિલ)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, વડોદરા.
૨. અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, સુરત.
૩. અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ નં.૧, અમદાવાદ.
૪. અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, નં.૨, અમદાવાદ.
૫. અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ નં.૧, રાજકોટ.
૬. અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ નં.૨, રાજકોટ.

<u>ગુણવત્તા નિયમન તંત્રને લગત રદ કરવાનાં થતા પરિપત્ર/ઠરાવ બાબત</u>

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ગુનિજન/પરિપત્ર/૨૦૧૫/ગુ.નિ
સરદાર ભવન, બ્લોક નં.૧૪
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૧૨/૨૦૧૫

સંદર્ભઃ- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૦૭/૨૦૧૫ નો પત્રક્રમાંકઃએસસીબી-૧૦૨૦૧૫(૨૪)(૫૪૧૭૩૦) (પાર્ટ-૧)-સી.યુ.

<u>આમુખઃ-</u>

વહીવટી તંત્રમાં સરળતા તેમજ એકસૂત્રતા રહે તે માટે જે તે વિષયની સુચનાઓ, પરિપત્ર, સરકારી ઠરાવ સ્વરૂપે વખતોવખત પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેમજ જે પરિપત્ર કે ઠરાવ હવે અમલમાં રહેતા ન હોય તેવા પરિપત્રોને સંકલિત કરી અદ્યતન સંકલિત પરિપત્ર બહાર પાડવાનું કે રદ કરવાપાત્ર પરિપત્રોને રદ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા ઉકત બાબતે આ સાથે નીચે જણાવેલ પરિપત્ર/ઠરાવ અમલવારી કરવાની રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. કારણકે તેમનું અમલીકરણ અમુક સમયમર્યાદામાં જ કરવાનું થતું હતું અને તે સમયમર્યાદા પૂર્ણ થઇ ગયેલ હોય આ પરિપત્ર/ઠરાવ હાલ અમલમાં નથી અને ભવિષ્યમાં પણ તેના પર અમલવારી કરવાની રહેતી નથી. તેથી આ પરિપત્ર/ઠરાવને રદ ગણવાના રહેશે.

| ક્રમ | મા.મ. વિભાગના પરિપત્ર નંબર અને તારીખ | વિષય |
|---|---|---|
| ૧ | પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી-૧૦૯૦/૧૦૧૩/(૦૭)/સ તા.૦૫/૦૩/૧૯૯૦ | બાંધકામના કામોમાં ગુણવત્તા નિયમન માટે લેવામાં આવતી એક ટકા (૧ %)ની રકમ ગેરીને આપવા બાબત |
| ૨ | ઠરાવક્રમાંકઃ ટીએનસી/૧૦૮૫-૪-સ તા.૨૦/૧૨/૧૯૯૧ (સંદર્ભઃ- સરકારશ્રીના તા.૧૦/૦૫/૧૯૮૫ના સરખા ક્રમાંકનો ઠરાવ) | માલસામાનના ટેસ્ટીંગ ચાર્જીસ ઠેકેદારો પાસેથી વસુલ કરવા અંગેની જોગવાઇ કરવા બાબત |

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

સચિવશ્રી, શહેરી ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર (૧૦ નકલ)

(૨) સચિવશ્રી, બંદરો, મત્સ્યોદ્યોગ અને વાહનવ્યવહાર વિભાગના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર (૧૦ નકલ)

(૩) એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજકોટ

(૪) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

(૫) સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, મા. અને મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા

(૭) નિયામકશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ કોલેજ, ગાંધીનગર

(૮) વહીવટી સંચાલકશ્રી, જીએસઆરડીસી, નિર્માણ ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર

(૯) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા. અને મ. વર્તુળો/આલેખન/પાટનગર યોજના, યોજના અમલીકરણ એકમ/એકસપ્રેસ વે વર્તુળ/સહિત

(૧૦) સર્વે અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત (મા.મ.) વર્તુળો

(૧૧) સર્વે કાર્યપાલક ઇજેનરશ્રી, મા.મ. વિભાગ

(૧૨) સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના/વિદ્યુત/ માર્ગ યોજના/ પંચાયત મા.મ. વિભાગો

(૧૩) સર્વે તાંત્રિક અધિકારીઓ (સર્વ ના.કા.ઇ.શ્રીઓ સહિત) મા.મ. વિભાગ

(૧૪) સર્વે પ્રોજેકટ શાખા, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૫) સીલેકટ ફાઇલ

---

નં.બિલ્ડીંગ:- ૩૩૭
૨૮-૧-૨૬

અધિક્ષક ઈજનેરની કચેરી,
માર્ગ અને મકાન વર્તુળ નં.૧
રાજકોટ. તા.

નકલ રવાના:-
કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર/જિલ્લા માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ/મા. મ. વિભાગ જામનગર/ સુરેન્દ્રનગર તરફ જાણ સારું તેમજ જરુરી કાર્યવાહી સારું.

નાયબ કાર્યપાલક ઈજનેર અને
અધિક્ષક ઈજનેરશ્રીના અંગત સચિવ
માર્ગ અને મકાન વર્તુળ નં.૧
રાજકોટ.

નં. [illegible]/૬૨
[illegible]

નકલ રવાના:-
નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન પેટા વિભાગ નં. [illegible] સુરેન્દ્રનગર [illegible] તરફ જાણ સારૂ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ [illegible]

(૯)

મકાનો તથા પુલોના આર.સી.સી. કામોમાં લોખંડના સળીયાના માપો લખવા તથા ચુકવણામાં લેપ લેન્થ ની લંબાઈ ગણતરીમાં નહીં લવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:- PDW-10-2017-01-C
તા.૧૫-૦૨-૨૦૧૭

<u>પરિપત્ર:-</u>

મકાન, રસ્તા અને પુલોના કામોમાં આર.સી.સી. આઇટમોમાં સમાવિષ્ટ સ્ટીલ રેઇનફોર્સમેન્ટના માપો લખવા અને ચૂકવણા દરમ્યાન લેપની લંબાઇ ગણતરીમાં લેવામાં આવે છે. રેઇનફોર્સમેન્ટમાં લેપની વધુ સંખ્યાને પ્રોત્સાહન ન આપતા સળંગ રેઇનફોર્સમેન્ટ (સળીયા) જ મહદઅંશે વપરાય એ તાંત્રિક રીતે વધુ યોગ્ય છે.

MORT&H સ્પેશીફીકેશનના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ રેઇનફોર્સ (સળીયા)ના ચૂકવણામાં લેપની લંબાઇના માપો ગણતરીમાં લેવામાં આવતા નથી. (Section 1608)

MORT&H સ્પેશીફીકેશનના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ માર્ગ અને મકાન વિભાગ હેઠળ મકાન, રસ્તા અને પુલના રેઇનફોર્સ (સળીયા)ના સ્પેશીફીકેશનમાં Mode of Measurement & Payment માં હવે પછી નીચે મુજબના ફેરફાર કરવા આથી સુચના આપવામાં આવે છે.

| **<u>EXISTING ITEM</u>** | **<u>PROPOSED AMENDMENT</u>** **(As per MORT&H Speciafication Item No.1608)** |
|---|---|
| <u>મકાનના સ્પેશીફીકેશન</u> | <u>મકાનના સ્પેશીફીકેશન</u> |
| **5.4.10** Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level. | **5.4.10** Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level. |
| **5.4.11** High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level. | **5.4.11** High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level. |
| 3.2 Reinforcement shall be measured in length including overlaps, separately for different diameters as actually used in the work. Where welding or coupling is resorted to in place lap joints, such | *3.2 Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so* |

| | |
|---|---|
| joints shall be measured for payment as equivalent length of overlap as per design requirement. From the length so measured, the weight of reinforcement shall be calculated in tones on the same basis of as per M-18 even though steel is supplied to the contractor by the department on actual weight. Length shall include hooks at the ends Wastage and annealed steel wire for binding shall not be measured and the cost of these items shall be deemed to be included in the rate for reinforcement. | ***measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*** |
| **<u>EXISTING ITEM</u>** | **<u>PROPOSED AMENDMENT</u>**<br>**(As per MORT&H Speciafication Item No.1608)** |
| <u>રસ્તાના સ્પેશીફીકેશન</u><br>**Item No. 39 :** Providing steel reinforcement.<br>a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details.<br>b) High yield strength deformed bars reinforcement.<br>**(10)** Reinforcement shall be measured in length separely for different diameters as actually used in the work, from the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS : 1732 even though steel is suppled to the contractor by the Department on actual wieghment. Length shall ilcude hooks at ends. Wastege and annealed steel wire for binding shall not be measured and cost of thes items shall be deemed to be | <u>રસ્તાના સ્પેશીફીકેશન</u><br>**Item No. 39 :** Providing steel reinforcement.<br>a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details.<br>b) High yield strength deformed bars reinforcement.<br>***(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or*** |

(3)

| | |
|---|---|
| included in the rates for reinforcement. | *other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.* |
| પુલના સ્પેશીફીકેશન<br>**Item: 21** –Providing<br>(A) Mild Steel Reinforcement<br>(B) High Yield Strength Deformed bars, reinforcements.<br>(10) Reinforcement shall be measured in length including overlaps, separately for different diameter, as actually used in the work, where welding or coupling is restored to, in place of lap-joints, such joints shall be measured for payment as the equivalent length of over lap as per design requirement. From the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS 1732 even though steel is supplied to the contractor by the Department on actual weighment. Length shall include hooks at ends. Wastage and annealed steel wire for binding shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement. | પુલના સ્પેશીફીકેશન<br>**Item: 21** –Providing<br>(A) Mild Steel Reinforcement<br>(B) High Yield Strength Deformed bars, reinforcements.<br>***(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*** |

(એન. જી. પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

(૭)

પ્રતિ,

1) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
3) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય, પ.ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4) અંગત સચિવશ્રી, અ. મુ. સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ, શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ
7) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
9) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણ ભવન, ગાંધીનગર
10) મુ.ઈ. અને ડીરેકટરશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
11) ડીરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ગેરી), વડોદરા
12) ઉપ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર
13) નાણાં સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
14) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહિત)
15) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (ઉક્ત વર્તુળ હેઠળના.)
16) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
17) સર્વે તાંત્રિક શાખાઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
18) પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ
19) શાખા સીલેકટ ફાઈલ – ૨૦૧૭